


"અરે, તમે તો ધડાકો કરી નાખ્યો, નવરાત્રીનુ વેકેશન જાહેર કરીને..!"

"હા... ગુજરાતની ઓળખ સમા ગરબાનો ઉત્સવ વર્ષમાં એક વખત હોય ત્યારે વિદ્યાર્થીઓ કોઈ ટેન્શન વગર નવ દિવસ ગરબે ઘૂમી શકે એટલે વેકેશન જાહેર કરાયુ છે."

"... પણ આ જાહેરાતના પગલે ભારે વિવાદ સર્જાયો હો ભાઈ..!"

"એ તો હોય, કોઈપણ નિર્ણય થાય જેને ભૂલો શોધવી છે એ શોધ્યા કરે અને આપણે કામ કર્યા કરવાનું."

"એમ નહી, રાજકોટમાંથી વિરોધ વંટોળ ઉભો થયો, મુખ્યમંત્રીના ગામમાંથી જ, ખબર છે તમને..?!"

"પણ મને એ તો સમજાવો કે આમાં વિરોધ કરવા જેવુ છે શુ..?"

"કેમ..? જુઓ તો ખરાં કેટલા બધા પ્રશ્નો મોં ફાડીને ઉભા છે. એનો ઉકેલ નથી લાવતા અને ગરબે ઘૂમશે ગુજરાતની વાતો કરો છો."

"તમે તો વાતનુ વતેસર કરવામાં માહેર છો."

"...ના... ના એમ કહી વાતને ઉડાવી ન દેશો. ફી ઘટાડવાની વાત છે, ગુણવત્તાની વાત છે, શિક્ષકોની ઘટની વાત છે, વર્ગખંડો ઘટે છે, બાળકોને રમવાના મેદાનો નથી... વિગેરે...વિગેરે..."

"...ઓ...હો...હો...હો... તમારા મગજમાંથી તો આ ભૂત નીકળતા જ નથી. દર વખતે એક જ કેસેટ ચલાવ્યે રાખો છો. શિક્ષણની વાત આવી નથી કે ઉછળી ઉછળીને બોલ્યા નથી. આપણા ગુજરાત જેવુ મૂલ્યનિષ્ઠ શિક્ષણ બીજા કોઈ રાજ્યમાં હોય તો બતાવો તો ખરા, બાકી બધે ભોપાળા છે ભોપાળા..."

"સાહેબ, આંકડા જુઓને. સીબીએસસીમાં ટોપર્સ કયા રાજ્યના હોય છે, આઈઆઈટીમાં સૌથી વધુ વિદ્યાર્થીઓ કયા રાજ્યના પ્રવેશ મેળવે છે, અરે આઈએએસ અને આઈપીએસમાં કયુ રાજ્ય બાજી મારે છે એના આંકડા એક વખત જોઈ લો પછી કેહેજો..."

"ના... ના... એ બધામાં શુ ચાલે છે અને કેવુ ચાલે છે એ દેશ આખો જાણે છે. સામુહિક કોપીઓ થાય છે. નિરીક્ષકો-પરીક્ષકોની ગુંડાગીરી ચાલે છે. પરીક્ષામાં છડેચોક ગોટાળા થાય છે અને સંસ્થાઓની માન્યતાથી લઈ ગ્રાન્ટ ફાળવણીના સમાચારો તમે નથી જોયા..?!"

"સાહેબ તોય ગુજરાતની તોલે કોઈ ના આવે. આજે અમેરીકા જાઓ કે ઓસ્ટ્રેલિયા જાઓ, ભારતીયોમાં સૌથી વધુ ગુજરાતીઓના ડંકા પડે છે. દુનિયાના કોઈ પણ ખૂણે વેપાર ધંધો ચાલતો હોય ત્યાં ગુજરાતી હોય હોય ને હોય જ. આ ગુજરાતના સંસ્કાર છે."

"વાહ... સંસ્કાર એટલે શિક્ષણ એમ જ."

"હા... હા એમ જ, સંસ્કારના પાયામાં શિક્ષણ છે જ. શિક્ષણ વ્યક્તિ ઘડતરનું મહત્વનું કામ કરે છે અને શિક્ષણના માધ્યમથી સંસ્કારી સમાજનું નિર્માણ થાય છે."

"ઓ... હો... હો...હો... તમે તો નવરાત્રી વેકેશનમાંથી છેક શિક્ષણની વ્યાખ્યા સુધી પહોંચી ગયા..."

"હા, મૂળ મુદા પર આવુ તો નવરાત્રીનુ વેકેશન આપવાથી શૈક્ષણિક કાર્યને ઉની આંચ પણ નહી આવે એવુ હું દઢપણે માનુ છુ અને સાથે સાથે માની લો કે વેકેશન ન આપીએ તો પણ શાળા કોલેજોમાં ગેરહાજરી વ્યાપક હોય છે. થાક અને ઉજાગરાને કારણે બાળકો

● અનુસંધાન પાન-૭ પર



ભંગાર ફુવારા - ફરિયાદો અને અહેવાલો જેના સંદર્ભે વારંવાર ઉભા થયા છે એવા સેક્ટર-૨૧ના ફુવારાની સ્થિતિ ભંગાર હાલતમાં પહોંચી છે... ઉદ્દઘાટનના એક વર્ષ બાદ વારંવાર ખોટવાતા ફુવારા છેલ્લા દાયકાથી તો સાવ મૃતપાય હાલતમાં જોવા મળે છે... વેપારીઓની વારંવાર રજૂઆત અને અખબારોમાં વારંવાર છપાતા અહેવાલોની પણ કોઈ અસર તંત્ર પર નથી વર્તાતી નથી... ત્યારે પ્રશ્ન ઉઠે કે, ગાંધીનગરમાં આ હાલત હોય તો ગુજરાતના કોઈ ખૂણામાં ફરિયાદની કે અહેવાલની શું હાલત હશે... ગતિશીલ ગુજરાતમાં થંભી ગયેલી ફરિયાદોના ઉકેલની તાતી જરૂરિયાત છે...

# ઘ-૨ પાસેના કોર્મશિયલ કોમ્પલેક્ષોના ભોંયરા હેતુફેર ઉપયોગ બદલ સીલ કરાશે

## હરાજીના અંતે નિર્માણ કરાયેલા ૧૫ બિલ્ડીંગોનો હેતુફેર ઉપયોગ : તંત્રની લાલ આંખ વેપારીઓમાં ફફડાટ

ગાંધીનગર તા ૩૦

શહેરના ઘ-૨ વિસ્તારમાં હરાજીના અંતે ફાળવવામાં આવેલા પ્લોટમાં નિર્માણ કરાયેલા કોર્મશિયલ બિલ્ડીંગોના ભોંયરામાં સ્ટોરના બદલે હેતુફેર ઉપયોગ કરી લાઈબ્રેરી તેમજ ટયુશન કલાસીસ ધમધમતા હોવાનુ ધ્યાને આવતા કાર્પોરેશન તેમજ ટાઉન પ્લાનીંગની ટીમે આજે આ વેપારીઓને આ હેતુફેર ઉપયોગ બંધ કરવા માટે સુચના આપી હતી. જયારે હજુ પણ આ પ્રકારના કિસ્સા ધ્યાને આવશે તો નોટીસ આપી ભોંયરાને સીલ કરવા સહીતના આકરા પગલા લેવાશે તેમ પણ જણાંવાયુ છે. આ સ્થિતિ વચ્ચે વેપારીઓમા પણ ફફડાટ પ્રવર્તયો છે.

સરકાર દ્વારા ઘ-૨ નજીક સ્થિત મેદાનમાં અગાઉ હરાજીના અંતે પ્લોટ આપવામાં આવ્યા છે. જયારે આ ઠેકાણે હાલ અનેકવિધ કોર્મશિયલ કોમ્પલેક્ષ ધમધમી રહયા છે. ઘ-૨ અપના બજાર પાસેની જગ્યાએ અંદાજિત ૧૯ જેટલા બિલ્ડીંગ છે. જયારે આ બિલ્ડીંગમાં ભોંયરા પણ છે. જયારે આ ભોંયરાનો ઉપયોગ સ્ટોર માટે કરવા પરવાનગી આપવામાં આવી છે. પરંતુ સ્થળ તપાસ દરમિયાન આ ઠેકાણે સ્ટોરના બદલે ટયુશન કલાસીસ તેમજ લાઈબ્રેરી હોવાનુ ધ્યાને આવ્યુ છે. જયારે સ્થળના હેતુફેર ઉપયોગ બદલ દબાણ તંત્રના અધિકારી મહેશ મોડ તેમજ ટાઉન પ્લાનીંગના જે ટી પી સંજય પટેલની ટીમે આ જે સ્થળ પર તપાસ દરમિયાન આ હેતુફેર ઉપયોગ બદલ વેપારીઓને આ હેતુફેર ઉપયોગ બંધ કરી દેવા સુચના આપી હતી. જયારે હવે આ પ્રકારના હેતુફેર ઉપયોગ બદલ લેખિત નોટીસ આપી ભોંયરાને સીલ મારવાની કામગીરી પણ કરવામાં આવશે તેમ પણ જણાંવાયુ છે. ઘઃ૨ પાસેના આ નવા કોર્મશિયલ કોમ્પલેક્ષોમાં અનેકવિધ પ્રકારના સ્ટોલ્સ તેમજ દુકાનો હોસ્પિટલો અને શૈક્ષણિક સંસ્થાઓ ધમધમી રહી છે. જયારે હરાજીના પ્લોટમાં નિર્માણ

● અનુસંધાન પાન-૭ પર

# માઈક્રો-મોનીટરીંગનો સમય છે બાળકને સમજો અને તેની સમસ્યા ઉકેલવા આગળ વધો : રાવ

## મતદારયાદી ક્ષતિ રહિત બનાવી શકતો શિક્ષક બાળકના નિર્માણમાં પણ એટલો જ રસ દાખવે

## કલેક્ટર, છટકબારીઓ શોધવી નથી પણ પડકારને અવસરમાં પલ્ટાવીએ : ડીડીઓ

ગાંધીનગર, તા. ૩૦

બાળકની તકલીફ સમજી અને તેના ઉકેલની દિશામાં જવા માટે મિશન વિદ્યા છે. માઈક્રો મોનીટરીંગનો જમાનો આવી રહ્યો છે ત્યારે ઉપરછલ્લુ મોનીટરીંગ નહિ ચાલે તેવી ગંભીર ટકોર આજે શિક્ષણ વિભાગના અગ્ર સચિવ વિનોદ રાવે કરી હતી.

ગાંધીનગર જિલ્લાના બીઆરસી., સીઆરસી સાથે યોજાયેલ બેઠકમાં તેમણે મિશન વિદ્યાનો હેતુ સ્પષ્ટ કરતાં કહ્યું હતું કે બાળકને મિનીમમ લર્નિંગ લેવલ સુધી લઈ આવવાનો આ પડકાર છે.

તેમણે કહ્યુ હતુ કે બાળક-વાલી સાથે સઘનતા કેળવી આપણે તેમણે જવાબદાર નાગરિક બનાવવાની દિશામાં આગળ વધવાનું છે. તેમણે એમ પણ કહ્યુ કે બાળકના શિક્ષણને લઈ તેના વાલી સાથે સતત ચર્ચા કરો વાલીને પણ શિક્ષણ માટે રસ લેતો થાય તે રીતે જાગૃત કરો. તેની સાથે સંબંધ ઘનિષ્ઠ બનાવો.

**મિશન વિદ્યાની સંવાદ બેઠક**

રાવે કહ્યુ હતુ કે સમય માઈક્રો મોનીટરીંગનો છે. તેમણે ૬ થી ૮ માં જેમ તાલપ્રથા અમલી છે તેવી તાલ પ્રથા ૩ થી ૫ માં પણ અમલી બનાવવા પર વિચારણા કરવી જોઈએ. તેમણે એવો પણ અભિપ્રાય વ્યક્ત કર્યો હતો કે કોઈ અન્ય વિભાગના અધિકારી આવી ઉપચાર બતાવે એના કરતાં આપણે જ આપણા બાળકનો ઉપચાર કેમ ના કરીએ ?

આપણી પાસે ટીમ છે, જ્ઞાન છે સમય છે અને આપણે આ માટે જ આ વ્યવસાયમાં આવ્યા છીએ તે ભૂલવુ જોઈએ નહિ.

આ બેઠકમાં જિલ્લા કલેક્ટર એસ.કે. લાંગાએ કહ્યુ કે ક્ષતિરહિત મતદારયાદીનું કામ આપણે કરી શકતા હોઈએ તો બાળકના શિક્ષણનું કામ કેમ ના કરી શકીએ. બાળકના વાલી શાળામાં શિક્ષક છે એ ભુલવુ જોઈએ નહિ.

બેઠકના પ્રારંભમાં જિલ્લા વિકાસ અધિકારી હિતેશ કોયાએ મિશન વિદ્યાના પ્રારંભ પહેલા બે-બે ટેલિ કોન્ફરન્સ અને આજે અગ્રસચિવ જાતે આપણને મળવા આવ્યા છે ત્યારે આપણા સામેના પડકારની ગંભિરતાને સમજીએ અને ખુબજ ચિવટતા સાથે મિશનમાં આગળ વધીએ.

તેમણે કારણોની છટકબારી શોધવાને બદલે કારણોના મૂળમાં જઈ શિક્ષણનો નાનકડો દિવડો સૌના ઘરમાં પ્રગટાવીએ. બાળકો અને વાલીઓ સાથે પરામર્શ

● અનુસંધાન પાન-૭ પર

# મિશન વિદ્યાનો પ્રયોગ ટફ છે; વર્ગ બઢતીની નીતિમાં ફેર વિચારણા માંગે છે : મુખ્ય સચિવશ્રી

ગાંધીનગર, તા. ૩૦

મિશન વિદ્યાનો પ્રયોગ ટફ છે અને વર્ગ બઢતીની વર્તમાન નીતિમાં ફેરવિચારણાની સ્થિતિ ઉભી થઈ છે તેવો એકરાર રાજ્યના મુખ્ય સચિવ ડૉ. જે.એન. સિંહે આજે કર્યો હતો.

**મિશન વિદ્યાના ત્રણ મહત્વના દશ્યો**

**● મેદરામાં શિક્ષિકાઓના ઝઘડાળુ સ્વભાવની ફરિયાદ કરવા ગ્રામજનો પંચાયત પહોંચ્યા ● કલોલની ગોપાલનગર અને ન્યુલક્ષ્મી નગરમાં બાળકના શિક્ષણ માટે શિક્ષકોએ કરેલા માઈક્રો પ્લાનીંગની ચર્ચા ● સે. ૬માં ભણતર સાથે ગણતરનો નવતર અભિગમ**

સેક્ટર-૨૪ની પ્રાથમિક શાળા-૨ની અચાનક મુલાકાતે જઈ ચડેલા રાજ્યના મુખ્ય સચિવશ્રીએ પત્રકારો સાથેની અનૌપચારિક વાતચીતમાં આ સંકેતો આપ્યા હતા. તેમણે જણાવ્યુ હતુ કે બાળક ઘણા નબળા જોવા મળી રહ્યા છે. બાળકોને કેન્દ્રમાં રાખી ટીચીંગ સિસ્ટમમાં શિક્ષકોએ બદલાવ લાવવો પડશે.

તેમણે ધો. ૬ થી ૮ના બાળકોનું ગણન અને વાંચનનું મૂલ્યાંકન કર્યુ હતુ. બાળકોને ધો. ૬માં સામાન્ય બાદબાકીમાં પણ મુશ્કેલી અનુભવતા જોઈ તેઓ નારાજ થયા હતા. તેમણે બાળકો પાસે વાંચનનો પણ પ્રયોગ કરાવ્યો તો જોડાક્ષરો વાંચવાની તકલીફ અનુભવતા જણાયા હતા. તેમણે એક તબક્કે તો આ મિશન વિદ્યા માટેની સમય-મર્યાદાને વધારવા બાબતે પણ વિચારણા કરવાની તૈયારીના સંકેત આપ્યા હતા.

મુખ્ય સચિવશ્રીએ એક વર્ગમાં તો બાળકોને આપેલી બાદબાકી બાળકોએ જે ત્વરાથી કરી આપી તેની પ્રસન્નતા પણ તેમના મુખ પરથી સ્પષ્ટ વાંચી શકાતી હતી.

વિદ્યાર્થીઓ સાથે તેમણે હીરોકટ બાલ સેટ કરાવ્યા છે ને; કેમ શાળાએ નહોતા આવ્યા તો બાલિકાઓને ગૌરીવ્રત કર્યુ છે પૂજન કર્યુ કે નહિ તેવા પ્રશ્નો કરી બાળકો સાથેની નિડરતા કેળવી હતી.

અહિ વર્ગખંડમાં શિક્ષકોએ પણ ઉપચારાત્મક વર્ગ માટે કેટલી તૈયારીઓની જાણકારી મુખ્યસચિવશ્રીએ મેળવી હતી. તેમણે બાળકોના કરાયેલા સ્વમૂલ્યાંકન બાદ શું તકલીફોનો સામનો કરી રહ્યા છે તે જાણવાની પણ તેમણે તત્પરતા બતાવી હતી.

એક-બે શિક્ષિકાઓએ વાંચનમાં નબળા બાળકો માટે તૈયાર કરેલ બુકો બતાવી કહ્યુ કે બાળકોને રસ્વ અને દીર્ઘની તકલીફ છે તો પહેલા સામાન્ય અક્ષર વાંચન કરાવીએ છીએ આ પછી બાળકોને રસ્વ અને દીર્ઘમાં તફાવત શું છે તે સમજાવવા શબ્દોને અન્ડરલાઈન કરી અલગ તારવી સમજ પણ આપીએ છીએ.

મુખ્ય સચિવશ્રીએ શિક્ષણના અધિકારીઓ સાથે પણ સુઝાવ માંગ્યો હતો. એક સુઝાવ જેમાં ૦ થી ૩ ગુણાંક પ્રાપ્ત કરનાર બાળકને અલાયદો વર્ગ, ૩ થી ૫ ગુણાંક મેળવનાર બાળકને એક અલાયદો

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગર લોકસભા બેઠક માટે ભાજપમાં પાંચ પ્રભારીની નિમણુંક

ગાંધીનગર તા ૩૦

લોકસભાની ચુંટણીના દિવસો નજીકમાં આવતા જાય છે તેમ રાજકીય ગતિવિધિઓ પણ તે દિશામાં પ્રબળ બનતી જાય છે. ગુજરાત પ્રદેશ ભાજપે લોકસભાની બેઠકોને અનુલક્ષી પ્રભારીને નિમણુંક આપવામાં આવી છે. જેમાં ગાંધીનગર લોકસભાની બેઠક માટે પાંચ પ્રભારીને જવાબદારી સોંપવામાં આવી છે. જયારે ગાંધીનગરના ત્રણ ભાજપના આગેવાનોને અમદાવાદ પશ્ચિમ અને પાટણ સહીતની બેઠક માટે પ્રભારી તરીકે કામ સોંપવામાં આવ્યુ છે.

## ગાંધીનગરના અશોક ભાવસાર અને જનક ઠક્કર સહીત ત્રણ ને અમદાવાદ પશ્ચિમ અને પાટણ બેઠક માટે પ્રભારી તરીકે નિમાયા

આગામી લોકસભાની ચુંટણીને અનુલક્ષી રાજકીય પક્ષો તૈયારીમાં લાગી ગયા છે. ચુંટણીને અનુલક્ષી રાજકીય ગતિવિધિઓના પણ મંડરાણ થયા છે. જયારે ચુંટણી દરમિયાન પક્ષના નેતાઓને પણ જરૂરી જવાબદારી સોપવા માટે પ્રક્રીયા આરંભી દેવામાં આવી છે. લોકસભા ચુંટણી ૨૦૧૯ ને અનુલક્ષી ગુજરાત પ્રદેશ ભાજપે વિવિધ બેઠકોને ધ્યાને લઈ વિવિધ બેઠકો માટે પ્રભારીની નિમણુંક કરી દીધી છે. ગાંધીનગર લોકસભાની બેઠકને અનુલક્ષી પાંચ પ્રભારીને નિયુકત કરાયા છે. જયારે ગાંધીનગર શહેરના ત્રણને અમદાવાદ પશ્ચિમ અને પાટણમાં સ્થાન આપવામાં આવ્યુ છે. ગાંધીનગર લોકસભા સીટ માટે સી ડી પટેલ, કાનાજી શંકરજી ઠકારો, પૃથ્વીરાજ પટેલ, નૌકાબેન પ્રજાપતિ તેમજ હીમાંશુ એન પટેલનો સમાવેશ કરવામાં આવ્યો છે. જયારે ગાંધીનગરના ત્રણ ભાજપના અગ્રણીઓની પણ અમદાવાદ પશ્ચિમ અને પાટણમાં લોકસભાની ચુંટણીની બેઠકો માટે પ્રભારી નિમણુંક કરવામાં આવી છે. જેમાં ગુડાના પુર્વ ચેરમેન અશોક ભાવસાર , ધવલ દવે ને અમદાવાદ પશ્ચિમની બેઠક માટે નિરિક્ષક તરીકે જવાબદારી સોંપવામાં આવી છે. જયારે યુવા અભિનેતા જનક ઠક્કરને પાટણ લોકસભા સીટ માટે પ્રભારી ટીમમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

**ભાડે / વેચાણ આપવાના છે**

**ભાડે :**
● ફ્લેટ 3BHK PDPU રોડ, ફેમિલી માટે ● બંગ્લો - સે.૮, 4BHK ઓફીસ/ફેમિલી માટે

**વેચાણ :**
● ફ્લેટ 2BHK સૌંદર્ય-૪૪૪, ખ રોડ ● ફ્લેટ - ગ્રા.ફ્લોર 2BHK સે.૨૯, ચ-૬ પાસે. ● ફ્લેટ 3BHK ૧૭૦ વાર પ્રતિક મોલની સામે. ● બંગલો - પ્લોટ ૨૦૦ વાર 3BHK કુડાસણ

**ભાડે / વેચાણ જોઈએ છે.**
ફ્લેટ / ટેનામેન્ટ / બંગલા સે.૧ થી ૩૦, સરગાસણ, કુડાસણ, રાયસણ, રાંદેસણ, વાવોલ.

**THE SPACE**
**9328801440**
**9328701440**

# પલ્લીમેળાના કામો અંગેની ટેન્ડર નોટીસ

આગામી તા.૧૮/૧૦/૨૦૧૮ના રોજ પલ્લીમેળા પ્રસંગની, પૂર્વ તૈયારી રૂપે લાઈટ, ડેકોરેશન, મંડપ ડેકોરેશન, સી.સી. કેમેરા, પલ્લીમેળાનું લાઈન ટેલીકાસ્ટના ભાવપક્ષકો સીલબંધ કવરમાં મંગાવવામાં આવે છે. કોરા ટેન્ડર સંસ્થામાં રૂ. ૧૦૦/- રોકડા (નોન રીફન્ડેબલ) જમા કરાવી મેળવવાના રહેશે. સંસ્થામાંથી કોરા ભાવ પત્રકો મેળવવાની તારીખ : ૫/૮/૨૦૧૮ થી તા. ૧૦/૮/૨૦૧૮ સાંજે ૪-૦૦ કલાક સુધી ભરપેલા ભાવ પત્રકો સંસ્થામાં પહોંચાડવાની તારીખ : ૧૫/૮/૨૦૧૮ સાંજે ૪-૦૦ કલાક સુધી. કોઈપણ ટેન્ડર મંજુર કે નામંજુર કરવાનો સંસ્થાને અબાધિત અધિકાર રહેશે. જેનું કોઈ કારણ આપવામાં આવશે નહીં.

સહી/-
મેનેજર
શ્રી વરદાયિની માતા દેવસ્થાન સંસ્થા
રૂપાલ




## Gujarat State Petronet Limited

Corporate Identity Number : L40200GJ1998SGC035188
Regd Office : GSPC Bhavan, Sector-11, Gandhinagar-382 010 Tel: +91-79-66701001 Fax: +91-79-23236477 Website: www.gujpetronet.com Email: investors.gspl@gspc.in

**EXTRACT OF STATEMENT OF STANDALONE UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED 30TH JUNE 2018**

(₹ in Lakhs)

| Sr. No. | Particulars | Standalone Results | | |
|---|---|---|---|---|
| | | Quarter ended 30.06.2018 (Unaudited) | Year ended 31.03.2018 (Audited) | Quarter ended 30.06.2017 (Unaudited) |
| 1 | Total Income from Operations(net) | 39,670.79 | 1,40,521.39 | 31,277.81 |
| 2 | Net Profit/(Loss) for the period (before Tax and Exceptional items) | 24,657.27 | 1,01,081.20 | 23,887.65 |
| 3 | Net Profit/(Loss) for the period before tax (after Exceptional items) | 24,657.27 | 1,01,081.20 | 23,887.65 |
| 4 | Net Profit/(Loss) for the period after tax (after Exceptional items) | 14,445.64 | 66,842.89 | 15,251.62 |
| 5 | Total Comprehensive Income for the period [Comprising Profit/(Loss) for the period after tax and Other Comprehensive Income (after tax)] | 14,517.54 | 66,901.51 | 15,228.32 |
| 6 | Equity Share Capital(face value of Rs. 10/- each) | 56,387.41 | 56,383.36 | 56,369.64 |
| 7 | Reserves(excluding Revaluation Reserve as shown in Balance Sheet) | - | 4,50,120.70 | - |
| 8 i. | Earnings per share(EPS) before Extraordinary items | | | |
| | a) Basic EPS( Rs.) | 2.56 | 11.86 | 2.71 |
| | b) Diluted EPS( Rs.) | 2.56 | 11.85 | 2.70 |
| | (face value of Rs. 10/- each) | | | |
| 8 ii. | Earnings per share(EPS) after Extraordinary items | | | |
| | a) Basic EPS( Rs.) | 2.56 | 11.86 | 2.71 |
| | b) Diluted EPS( Rs.) | 2.56 | 11.85 | 2.70 |
| | (face value of Rs. 10/- each) | | | |

**Notes: (1)** The above is an extract of the detailed format of Quarterly Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly Financial Results are available on the Stock Exchange websites (**www.nseindia.com** and **www.bseindia.com**) and Company's website (**www.gujpetronet.com**) **(2)** The above results were reviewed by the Audit Committee and approved by the Board of Directors of the Company in its meeting held on 30th July, 2018. **(3)** The above results are in accordance with the Indian Accounting Standards(Ind-AS) as prescribed under Section 133 of the Companies Act, 2013, read with the relevant rules issued thereunder and other accounting principles generally accepted in India. Accordingly, previous period's figures have been reclassified/regrouped/restated, wherever necessary.

Place: Gandhinagar
Date: 30th July, 2018

For and on behalf of Gujarat State Petronet Limited
Dr. J. N. Singh, IAS
Managing Director







Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com